ડો.આંબેડકર ભવન, દાહોદના
બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ની
નવી બાબતને વહીવટી મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ અબડ/૧૦૧૭/૬૪૩૦૮૨/(ન.બા-૦૬)ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૭/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) સા. ન્યા અને અ વિના તા.૧૬/૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ અબડ/ ૧૦૧૭/૬૪૩૦૮૨/ (ન.બા-૦૬)ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૦/૦૬/૨૦૧૮ના પત્ર ક્રમાંક-અજાક/મ-૩/૨૦૧૮/૪૧૩૦ થી૪૧૩૧

સુધારા ઠરાવઃ-

ઉપરોકત વંચાણે લીધાં ક્રમ-૧ પરના આ વિભાગના તા.૧૬/૪/૨૦૧૮ના ઠરાવથી ડો.આંબેડકર ભવન, દાહોદના બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતને રૂ.૧૬૪.૨૫ લાખ (અંકે રૂપિયા એક કરોડ ચોસઠ લાખ પચ્ચીસ હજાર પુરા) ની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી, ત્યારબાદ ઉપરોકત વંચાણે લીધાં ક્રમ-૨ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૦/૦૬/૨૦૧૮ના પત્રથી રૂ.૩૨૮.૫૦ લાખ (અંકે રૂપિયા ત્રણ અઠયાવીસ લાખ પચાસ હજાર પુરા) ની વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

ડો.આંબેડકર ભવન, દાહોદના બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં રૂ.૧૬૪.૨૫ લાખ (અંકે રૂપિયા એક કરોડ ચોસઠ લાખ પચ્ચીસ હજાર પુરા)ની જોગવાઇ મંજુર રહેલ હોઇ, તેમજ કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન , દાહોદે આ કામના એસઓઆર-૨૦૧૫-૧૬ આધારિત રૂ.૩૨૮.૫૦ લાખ (અંકે રૂપિયા ત્રણ અઠયાવીસ લાખ પચાસ હજાર પુરા) લાખનાં બ્લૉક એસ્ટીમેટ પુરા પાડેલ હોઇ, ડો.આંબેડકર ભવન, દાહોદના બાંધકામ માટેનાં કુલ અંદાજીત ખર્ચ રૂ.૩૨૮.૫૦ લાખ (અંકે રૂપિયા ત્રણ અઠયાવીસ લાખ પચાસ હજાર પુરા)ની તથા વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં થયેલ

જોગવાઇ રૂ.૧૬૪.૨૫ લાખ (અંકે રૂપિયા એક કરોડ ચોસઠ લાખ પચ્ચીસ હજાર પુરા)ની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ વિભાગના તા.૧૬/૪/૨૦૧૮ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૨-૦૭-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ,
સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નકલ રવાના:-
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
કાર્યપાલક ઇજનેરશ્રી, (માર્ગ અને મકાન), જિ.દાહોદ
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.દાહોદ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) જિલ્લા પંચાયત, જિ.દાહોદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.દાહોદ
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સે.અ.શ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.